
ओ ३ म् आर्यांजयतु.

ગૌપુકાર.

દ્વિતીયાવૃત્તી. ૨૦૦૦ પ્રત.



છપાવી પ્રસિદ્ધ કરનાર
સુરત–આર્યધર્મ પુસ્તકપ્રચારક મંડળી.

અમદાવાદ ધીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ.
સંવત. ૧૯૪૪. સને ૧૮૮૮.
કિમ્મત ૩ પઇ.

વિજ્ઞપ્તિ.

સર્વે સદ્ગ્રહસ્થોને વિનતી પૂર્વક વિ૦ ૧ કરવામાં આવેછે કે આ મંડળીને પરમાર્થી પુરૂષોએ પુન્યનું કામ જાણી, ધર્માભિમાની ગૃહસ્થે ધર્મનું કાર્ય જાણી, દેશાભિમાની મહાત્માએ દેશોન્નતિનું કામ જાણી અને વિદ્વાનોએ વિદ્યાવૃદ્ધિનું કાર્ય જાણી પોતાના તન, મન, ધનથી સહાયીભૂત થવું. જ્યાં સુધી આપણા દેશીબાંધવોમાં નિસ્પક્ષપાત ન્યાયયુક્ત વિદ્યા વૃદ્ધિના પુસ્તકો વાંચવાનો શોખ વૃદ્ધિ નહીં પામે ત્યાં સુધી દેશનો પુનરૂદ્ધાર જોવાની આશા રાખવી એ નિષ્ફલ છે માટે વિદ્વજનોનો ધર્મછે કે વિદ્યોત્તેજક કાર્યમાં સહાય થઈ બનતો આશ્રય આપવો.

કાવ્ય શાસ્ત્ર વિનોદમાં, કાલ સુજ્ઞનો જાય;
વ્યસન ઊંઘને કલહમાં, મૂર્ખતણો ખોવાય.

किमधिकम् सुज्ञेषु.

પ્રસ્તાવના.

ગૌરક્ષા કરવી એ માણુસ માત્રનો ધર્મ છે, ને ગૌનું રક્ષણ કરવાથી દેશને અને રાજા પ્રજાને સરખો લાભ છે. માંસ મનુષ્યનો અહાર નથી અને માંસ નહીં ખાવો અર્થાત ખાવાવાળો નરકે જશે એવી સર્વ શાસ્ત્રની આજ્ઞા છે. હિન્દુ ધર્મમાં માંસ ખાવો એ પાપ છે એ વાત વગર તકરારે સર્વને કબુલ છે. પણ ખ્રિસ્તી શાસ્ત્ર અને કુરાને શરીફમાં પણ મને કરેલું છે ને ખુલ્લું લખેલું છે કે માંસ ખાવાવાળાં પરમેશ્વરના કોપને પાત્ર થશે ખ્રિસ્તી શાસ્ત્ર તથા કુરાને શરીફનાં કેટલાક પ્રમાણ આ ઠેકાણે આપવાં દુરસ્ત ધારેછે જે વિચારવાન પુરૂષો લક્ષમાં લઈ માંસાહારનો ત્યાગ કરી પવિત્ર થશે.

Michah chap II. 2 to 5th para Who hate the good and love the evil; Who pluck off their skin from off them, and their flesh from off their bones; Who also eat the flesh of my people and flay their skin

from off them and chop them in pieces as for the pot and as a flesh with coldrow; then shall they cry unto Lord but he will not hear them, He will even hide his face from them at that time as they behaved themselves ill in their doings.

અર્થ—જે સારાને ધિક્કારેછે, અને બુરાંની પ્રિતી કરેછે; જે તેના હાડકાં ઉપરથી માંસ અને તેનું ચામડું કાહાડે છે; જે મારા રચેલા ઉપયોગી પ્રાણીનું માંસ ખાયછે અને તેનું ચામડું તેની ઉપરથી ખેંચી લેછે; અને જે તેઓનાં હાડકાં ભાગી બારીક કરેછે અને તેઓને જુદા કરીને પોતાનાં વાસણ માટે. (એટલે પકવવાને માટે) "અને જેવા કે માંસ જે વાસણમાં છે" અર્થાત્ તે જેમાં પકાવેલું છે. મરવા પછી તેઓ પરમેશ્વરની આગળ રડશે, પણ તે તેઓનું સાંભળશે નહીં, અને તેજ વખતે પોતાનું મોઢું છુપાવશે કારણ કે તેઓ ખરાબ રીતીથી વર્ત્યા છે.

Genesis chapter I. ph. 9 and God said behold. I have given you every herd bearings seed which is upon the face of all the earth, and every tree, in which is the fruit of a tree yielding seed; to you it shall be for meat.

અર્થ—ઇશ્વરે કહ્યું લ્યો મેં હરએક બીજધારી શાક-ભાજીને જે સારી પૃથ્વિ ઉપર છે, અને હરએક ઝાડ જેમાં ફળ છે જે બીજ ઉત્પન્ન કરેછે તમને આપ્યાં તે તમારે ખાવાને માટે થશે. અર્થાત્ માંસ નહીં ખાતાં ભાજીપાલો ખાઓ.

જુવો સુરા ઊલ્માયદ સીપારા ૪ મંજલ ૨ આયાત ૩ .

યા યોહલ્લજીના યામનૂલ્લા તકતોલ્લુસ્સસેદા વ અન્તુમ હુરૂમ વ મનકાતાઃલાહુ મિન્નકુમ મુતઅ-મ્મેદન ફજજાઊન્ મિસલોમાં કતલઃમેન્ન ના આમે યાકોમોઃ બેહી જવાઅદલિમ મિનકુમ હદીયન્ બા-લેગલ્ કાવતે ઔ કફ્ફારાતુન્ તઆમો મસાકીના

ઔા અદલો જાલેકા સ્યામલ્લે યજ્ને કાવ વાલા અમ-રીલ આફલા હો અમ્માં સલફ વ મનઆદા ફયનત કે મુલ્લાહો મિનહો વલ્લાહો અઝીઝુન્ ઝુનતકામ.

અર્થ—ઐ ઇમાનવાલો ન મારો શિકાર જિસ વક્તકિ તુમહો અહરામમે (મક્કે) ઔાર જો કોઈ તુમમેં ઉસકો મારે જાનકર તો બદલા હૈ ઉસ મારકે બરાબર મવેશી મેંશે દોકી ઠહરાવેં દો મોતબર તુમ્હારે કિ ન્યાજ પહુંચાવે કાબેતક યા ગુનાહકા ઊતાર હૈ કઈ મોહતાજ કાખાનાં યા ઉસકે બરાબર રોઝી કિ ચકખે સજા અપને કામકે અલ્લાને મુવાફ કીયા જો હો ચુકા ઔાર જો કોઈ ફીરેગા ઊસસે બૈર લેગા અલ્લા, ઔાર અલ્લા જબરદસ્ત હૈ બૈર લેનેવાલા.

એ વીગેરે બાઇબલ તથા કુરાન સરીફના ઘણા પ્રમાણો છે કે માંસ નહીં ખાવો પણ વિસ્તારના ભયથી અત્રે લખી શકતા નથી વિદ્વાનો આટલાથીજ સમજી લેશે. **किमाधिकम् शुज्ञेषु.**

॥ ओ ३ म् ॥

ગાય પરમેશ્વરની પ્રાર્થના કરેછે.

દોહરો.

સનમુખ ભારત વાશીના, યવન મારે છે માર;
ત્રાહી ! ત્રાહી ! કરૂં છું અરે સુણે ન કોઇ પુકાર.

નારાચ છંદ.

અહો દયાળુ ઇશ શીષ નામી વંદના કરૂં,
કરૂં ન કામ અન્ય મંન ભક્તિ ભાવમાં ધરૂં;
ધરે જો આશ અન્ય પાસ શું મળે મરેમથી,
કૃપા કરી ઉતાર પાર તાર આ ભવાબ્ધિથી ।૧।
પ્રભુ કૃપા થકીજ શુભ રાજ્ય આજ પામીયાં,
કુટીલ જોર ચોરના કરોડ દુઃખ વામીયાં;
યથેચ્છને સ્વતંત્ર ગાન તાનમાં સહુ રમે,
દુઃખી છીએ ભવાબ્ધિમાં અમેજ એક આ સમે ૨
ન્યાય ન્યાય ન્યાય થાય જાય પંથ પાંસરે,
સરે સહુના અર્થ ને સમર્થ દીનથી ડરે;
ડરે ન વ્યાઘ્રથી અજા મઝાથી હાર લૈ ભમે,

દુઃખીઓછીએ ભવાબ્ધિમા અમેજ એક આ સમે. ૩
ધરે સુરીતી નીતી પ્રીતી ભીતી નાહીં કોયને,
અનેક દુઃખ મુક્ત થૈ ફરે બહુ ખુશી મને;
મને નહીં ઉચાટ વાટ ઘાટ ઠાઠથી જમે,
દુઃખીઓછીએ ભવાબ્ધિમાં અમેજ એક આ સમે. ૪
કુઢંગી રાજ્ય નીતીનાં પ્રબંધ દુષ્ટ જે હતા,
થતાજ કર્ણ શાદ યાદ બંધુ વર્ગ કાંપતાં;
પતાવી ધૈર્ય ભાવને પરસ્પરે સહુ નમે,
દુઃખીઓછીએ ભવાબ્ધિમાં અમેજ એક આ સમે. ૫
ગરીબ રંક દીન જાણી વાણી મારો સાંભળો,
નથીજ વ્યર્થ અર્થ શાસ્ત્રના પ્રમાણથી ફળો;
ફલાદિ અન્ન દુગ્ધ ધી દધી દઇ પીડા ખમે ?,
દુઃખીઓછીએ ભવાબ્ધિમાં અમેજ એક આ સમે. ૬

હે ! પરમેશ્વર ! તે માણસોને જે કે ઘણા ઉત્તમ થઇ ફરે છે તેને શું થઈ ગયું ! શું તે લોકોની બુદ્ધિ ઉપર પડદો પડ્યો છે ? ખેર. તે લોકોની જે દશા થઇ તે થઈ પરંતુ મને ઘણો શોક પ્રાયઃ એ યુરોપિયન લોકોની બુદ્ધિપર છે કે

એ લોકો દેશોન્નતિ અને પરોપકારના કામમાં પ્રસિદ્ધ છે અને પોતાના દેશ તથા પ્રજા પાલનમાં સદા તત્પર રહેછે. હજારો ગાઉની વસ્તુઓને દેશોન્નતિ સારૂ મંગાવે છે; તોપણ અમે ગરીબોના પ્રાણ લેવામાં મૂર્ખોની પેઠે તથા પક્ષપાતિઓની તરેહ લાગ્યા રહેછે જો કે મને પ્રજાની સુખદાયક જાણીને પણ મારા પ્રાણ બચાવતા નથી.

હે ઇશ્વર ! શું એ લોકો નથી જાણતા કે દેશોન્નતિનો મુખ્ય ઉપાય ખેતી છે? ખેતી થવાથીજ સંસારની ઉન્નતિ થાય છે. ખેતી થવાથીજ રાજ્યનો ખજાનો સ્થિર રહે છે. ખેતીની ઉપજથીજ રાજ્યનું લશ્કર રહી શકે છે. અને ખેતીના પાકથી સર્વ પ્રજામાં ઉત્સાહ રહે છે; અર્થાત્ ખેતીથીજ પ્રજા ઉત્પન્ન થાય છે.

बहु कथनेन किं સર્વ પ્રપંચને ખેતીએ સંભાળી રાખ્યા છે. જો એક અથવા બે વર્ષ ખેતી ન પાકે તો તરતજ દુર્ભિક્ષ (દુકાળ) પડે છે અને સર્વ સંસારમાં બંડ તથા ખળભળાટ થ-

ઇ જાય છે અને બસેર અથવા પાંચસેર અનાજ-ને સારૂં પોતાના વહાલા બાળકોને વેચી દે છે. જે ધરતીપર સુનું અથવા કાચની ખેતી કેમ નહીં થતી હોય, અથવા ગુલાબનું ખેતર હોય કે કેસરનું તે પણ ઉજ્જડ દેખાય છે. અને જે ધરતીપર ખેતી નથી થતી તે જગ્યાનો રાજા પણ સદા કંગાળ રહે છે, અને પ્રજાની સદા દુર્દશા થાય છે મતલબ કે સર્વ જગતમાં સુખનું મૂળ ખેતી જ છે. હે દયાનિધે ! આ વાત સૌ કોઇ જાણે છે કે ખેતી મારા સંતાન વના થઇ શકે નહીં. તથાપિ મારા ઉપર દયા લાવતા નથી. હે ઈશ્વર ! હુંજ ખેડુતોનાં ઘરની પ્રકાશક છું અર્થાત્ મારા બાળકો ના હોવાથી ખેડુતોના ઘરમાં અજવાળું છે. મારાથી ખેડુતોની આબરૂ સંસારમાં છે. જે ખેડુતના ઘરમાં મારા બાળબચ્ચાં હોય તેજ ચિત્ત પ્રસંન થઈને ખેતીવાડી કરેછે; તથા સેઠ સાહુકારની દુકાનેથી અન્ન તથા રૂપીયા તેનેજ મળે છે. હે કૃપાસાગર ! હું શું શું ઉપકાર આ દેશને તથા ખેડુતોને નથી પહોચાડતી ?

મજુર કે ખેડુત આખો દિવશ મજુરી કરીને થાકયા હાર્યા રાત્રે પોતાને ઘેર આવી મુડદાની પેઠે સુન્ય થઈ પડી રહે છે પણ તે વખત જો મારૂં સેર અથવા અડધો સેર ગરમ ગરમ દુધ પીએ તો તરત હોંશિયાર થઈ જાય છે. અને રોટલી, ખીચડી, ચોખા આદિ સર્વ પ્રકારના ભોજનમાં મારૂં ઘી, મારૂં દહી મેળવીને સર્વ લોક ખાય છે; પરંતુ વિચારતા નથી કે મારા દુધમાં શું શું સ્વાદ નથી ? જેના ઘરમાં ઘી દુધ નથી હોતું તે પણ વેચાતું લાવીને ખાય પીએ છે. એવો કોઈપણ માણસ નહીં હશે જે કે મારૂં ઘી ખાધા વિના રહ્યો હોય અથવા ખાવાની ઇચ્છા નહીં કરતો હોય; ઓખડોમાં પણ ભેંશ વગેરેનું દુધ કામમાં નથી આવતું. મારૂં ઘી, દુધ, તથા માખણ હકીમ, વૈદ, અને ડાકટર લોક પણ પસંદ કરેછે અને રોગી માણસ પણ મારા દુધ તથા ઘીથી આરોગ્ય થાય છે; અને રાજાથી લઈને રંક સુધિને મારાથીજ લાભ પ્રાપ્ત થાય છે, અને જેટલા ઉત્તમમાં ઉત્તમ પદાર્થ છે તે મારા ઘીથીજ

બની શકે છે એ પ્રકારે અનેક ફળની આપવા વાળી હું છું.

હવે મારા સંન્તાન (બળદ) થી જે જે લાભ થાય છે તે મન તથા કાન લગાડીને સાંભળો.

રથ, ગાડી, કોશ આદિમાં માણસો તેને જોડીને ચલાવે છે અને લાખો મણ અન્ન તથા ચારો આદિ એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જઇ શકે છે અને એજ લોક જે કૃતઘ્ન થઇને છુરી લઈને પ્રાતઃકાળથીજ અમારા ઉપર ચઢાઈ કરે છે અને આવા આવા અમારા મહાન્ ગુણોપર જરા ધ્યાન આપતા નથી, હજારો રૂપીઆ હમારે લીધે તેઓને મળે છે. અને ખેતરોમાં અનાજને પાણી પાવા માટે કુવાપર મારા બાળકને જોડે છે તે એક દિવસમાં લાખો મણ પાણી ખેંચી ખેડુતોનું ખેતર ભરી દે છે. હું સાચી વાત કહું છું કે જો મારા પુત્રપરીવાર નહીં હોય તો એક પણ માણસ ખેતી કરી શકે નહીં અને સર્વ પ્રાણી દુઃખી થઇને ભૂખથી મ-

રી જાય. ભલા વિચાર કરો! કે પ્રથમ હળે જોડાય પછી કુવામાંથી પાણી કાઢી ખેતીને સીચે વળી અનાજ કાઢવાને માટે મોટી ખળીમાં ચક્કર ખાય. જ્યારે અનાજ નિકળે ત્યારે ગાડીમાં ભરી ઘર સુધી લાવે. હવે જુવો કે મારા છોકરા સિવાએ કોઈ પણ કામ માણસ કરી શકે છે? કદી નહીં. જે જે લાભ હું તથા મારા સન્તાનથી માણસોને થાય છે તે સૌ જાહેર છે. જગદિશ્વર! તે માણસોના વિચીત્ર ચરીત્ર જોઈને જીવ ઘણોજ કાંપે છે કેમકે એ દુષ્ટો એક તરફ મારૂં સન્માન કરતા જાય છે, ઘણાઓને મેળાડેળામાં મારા ઉત્તમ સન્તાન લાવવાવાળાને ઈનામ અપાવે છે; અને સારા ગાય, બેલ, વેચીને ખેડુતો મન પ્રસન્ન કરે છે. અને બીજી તરફ વિકાળ હથિયાર હાથમાં પકડી મારી ગરદન કાપવાને ફરે છે.

હે દયાનિધે! એ કૃતઘ્નિઓના હૃદયમાં જે મજબુત અંધકાર છવાઈ રહ્યો છે તેને આપની કૃપાદ્રષ્ટિથી દૂર કરી દો, જેથી એ મને તથા

મારા બાળકોને મારે નહીં. મને નહીં મારવાથી એને શું હાનિ છે! અરે ઉલટો લાભ છે. કેમકે મારા સન્તાનની વૃદ્ધિ થવાથી દરેક ઘર દુધ તથા દહીંથી ભરેલા દેખાય. અને ખેડુતોને જે આજ કાલ રોગ તથા દુઃખ થઇ રહ્યાં છે તે કદિ નહીં થાય અને અનેક માણસ જે બળદો નહીં મળવાથી નિર્ધનતાના કારણે ખેતી કરી શકતા નથી તે પણ કરી શકે અને સર્વ પ્રજા અતિ આનંદિ થઈ જાય. આખા દેશમાં સોનું રૂપું દેખાવા માંડે. દિન પ્રતિદિન જે ઉપદ્રવ ઘર ઘર ઉત્પન્ન થાય છે તે કદાપિ નહીં થાય. હે ઈશ્વર! એ મુગ્ધોને મારા માસમાં એવો શું રસ મળ્યો છે કે જે મારા દુધ દહીંથી અધિક હોય?! હાય! હાય! એ માણસ પણ મહા નિર્દય તથા કઠોર હૃદયના છે. પોતેજ એમ લખે છે કે ગાયનું માંસ અનેક રોગોની ખાણ છે. અને પોતેજ સૂર્યનો ઉદય થયા પેહેલાં હજારો ગાય બળદોપર તિક્ષણ છરા લઈ લઇને તૈયાર થઇ જાય છે અને હમારા જીવ લઈને પાછા ફરે છે. હે અનંત! હે દયાળુ! હે

ન્યાયશીળ! એ અન્યાઇઓના મનમાં પ્રેરણા કર કે એ મારા લાભની તરફ દ્રષ્ટિ કરે અને મારા મરવાથી જે જે હાનિ થાય છે તેનો વિચાર કરે. એમ તો મુસલમાન પણ મારા મહા શત્રુ છે પણ અંગ્રેજ તો એથી પણ વધતા નિકળ્યા !! દરરોજ દરેક શેહેરમાં દરેક છાવણીમા હજારો પશુઓના પ્રાણ લીધા વિના નથી રહેતા. શું બીજું કંઈ મારા શિવાય એને ખાવાનું નથી મળતું.

હે પરમાત્મા ! મારો પોકાર શ્રવણ કર, અને મુજ નિર્બળ અવાચકપર દયા કર. હે ઈશ્વર ! કૃપા કરી એ રાક્ષસી બુદ્ધિવાળા મનુષ્યોને દયા અને સુબુદ્ધિની મતી આપ કે જેથી એ સૌ એક મત થઈ મારા પાળણ પોષણનો પ્રયત્ન કરે અર્થાત્ મને મારવાથી ઉદાશ થઈ જાય. ભલા એવો પણ કોઇ જગતમાં હશે કે જે પોતાનો હિતકારી મિત્ર સુભચિંતક અને વિશ્વાસ પાત્રનો વધ કરીને પ્રસન્ન થતો હોય ? નહીં ! નહીં ! કદાપિ એવો કોઈ પણ નહીં હશે.

હે કૃષ્ણ ! મને રાક્ષસોના અત્યાચારથી દુઃખી

થતી મુકીને તમે ક્યાં જતા રહ્યા? અરેરે, મારો રોજ નાશ થતો જાય છે! સો ભાગમાંથી નાશ થતા હવે એક ભાગ બાકી રહ્યો છે. હાય ભારતવાસીઓ! તમે કેવી આલસ્યરૂપી પીછોડી ઓઢીને ઘોર નિદ્રામાં સુતા છો; હે વિચારવાન તથા બુદ્ધિવાન ગ્રહસ્થો! કેમ પોતાના પૂર્વજોને કલંક લગાડવાને ચાહો છો. હાય! જ્યારે મારા ઉપર કાંઈ પણ જુલમ નહીં થતો હતો ત્યારે તમે પણ મારૂં પાળણ પોષણ કરતા હતા. અરે દુખીયાને જોઈને તો બધાને દયા આવે છે, છતાં તમે તો મારા પુત્રજ છો; એક હજાર વર્ષ પહેલા તમે મારૂ પાલણ કરવું એ સર્વોત્તમ ધર્મ સમજતા હતા; હવે કેવી તમારી ધર્મ નિષ્ટાહિન થઈ ગઇ છે. અરે જ્યારે હું ઘણા દુઃખના ચક્કરમાં આવી ત્યારે તમે પણ મને છોડી દીધી અર્થાત્ મારૂં પાલણ કરવામાંથી તમે પોતાનું મોં ફેરવ્યું. અરે નિર્દયી હું તમારી સામું કેટલું દુઃખ પામું છું! પ્રાચીન દયાળુ સ્વભાવ તથા પ્રતાપ ક્યાં જતો રહ્યો. અરે તમે તો મારા દુશ્મનોને મદદ કરવામાં તથા તેનું પાલણ કરવામાં તે-

યાર થઇ રહ્યા છો. હાય તમે તો મારો તીરસ્કાર કરી દીધો ? અરે આર્યો તમારાવગર હવે કોને આસરે જાઊં કે જેઓ મારી આવી ખરાબ હાલતથી દુઃખી થતી મને બચાવે. અરે આજે મારૂ તે માન તથા પુજ્ય ભાવ ક્યાં જતો રહ્યો. હાય ! આ દુઃખ મારા ઉપર કયાંથી આવી પડયું ! અરે પુત્રો ! ક્યારે તમે મારૂ દુઃખ મટાડવાને પ્રયત્ન કરશો ! અરે ક્યારે તમે મારા અંતરના દુઃખને સાંભળશો ?! અરે કોણે તમને આવા નિર્બળ કરી નાખ્યા ! કોને તમારા સર્વ સુખ સંપતિ બ્રહ્મચર્ય આદિ આશ્રમ નષ્ટ કરી નાખ્યા ! અરે કયા દુષ્ટે તમને દારૂ પીવો તથા માંસ ખાવો અને વ્યાભિચાર કરવો સીખાવી દીધો હાય હાય ! હું યવનોના હાથમાં ગયેલી બુમે બુમ પાડીને રડુ છું ! હે પુત્રો ! તમે ક્યાં જતા રહ્યા હવે કોને મારા બચાવ માટે બોલાવવો ! તમે તો તમારા કાનમાં લુગડાનો ડુચો દીધો. અરે જ્યારે મારો નાશ થઈ જશે તો પછી તમે કોને ગૌમાતા કહીને બોલાવશો મારા વિના વૈતરણીપાર તમને કોણ ઉતારશે ?

હે કરૂણા નિધે! આવે અવસરે જો તમે સાહ- ય નહીં કરશો તો પછી બીજા કયા સમયપર કર- શો. અરે પુત્રો! તમે કેમ અઘોર નિદ્રામાં સુતા છો, હવે હું કોને આશરે જીવીશ. અરે નહીં મા- લમ કે તમારાપર કેવા કેવા દુઃખો ભવિષ્યમાં આ- વનાર છે; હજુ પણ વિચાર કરવાનો વખત છે. વિચારી જુઓ કે મારી હત્યાથી તમારા ઉપર કેટ- લા દુઃખો આવી પડયાં છે. તમારા મન કઠોર! એવા કઠોર થયા છે કે મુજ નિર્બળ ઉપર પણ ત- મને દયા નથી આવતી. અરે પ્રાણાન્તનો ક્લેશ પહાડ જેવો મુજ અનાથપર કયાંથી આવી પડયો! મને આ મહાં કષ્ટથી બચાવવાનો ઉપાય કેમ નથી કરતા; તમે આવા બળહિન કેમ થઈ ગયા, તમા- રી બ્રહ્મવિદ્યા શાસ્ત્રવિદ્યા કળાકૌશલ્ય ઈત્યાદિ ત- મારી નાનાવિધ ઉત્તમ વિભુતી કયાં ગઇ? હાય તમે એવા કમનશીબ થયા કે કંઇ પણ ન રહ્યું! અરે પુત્રો! તમે ચક્રવર્ત રાજા કે'વડાવતા હતા, તે તમારા રાજપાટ કયાં જતા રહ્યાં, અને તમારા ગળામાં ગુલામગીરીનો પટો કયાંથી આવી પડયો.

અરે તમે પોતાના પૂર્વ બળને કેમ યાદ નથી ક-રતા! હાય પુત્ર! આ ગુલામગીરીને ક્યારે છોડશો. તમારી ગુલામગીરીને લીધે મારા વંશનું નિકંદન થયું. હવે કેવળ મૂળ માત્ર બાકી રહ્યું છે, એવા સમયપર જો તમે મારૂં રક્ષણ નહીં કરશો તો નક્કી જાણો કે અંતે તમારા દુઃખનો પાર રહેશે નહીં. અરે મારાથી વધારે કોણ અભાગણી હશે કે જેની સેવ! પોતાના પુત્રો છોડી દે. અરે પુજા ગઈ,! પ્રતિષ્ઠા ગઈ! મારો કરેલો ઉપકાર ગયો, તો ગયો પણ ઉલટાં મને મારવા માટે શેહેરે શેહેરમાં મકાનો બંધાઈ ગયાં! હાય તમારી નિર્બલતાને કારણ મારા ઉપર દીનપર દીન જુલમ વધારે થતો જાય છે. હવે મેં નક્કી જાણ્યું કે મુજ અનાથ ઉપર મહા પ્રલયનો વખત આવી ગયો. અરેરે આ કેવો કાળ વિપ્રિત છે કે જેના પુત્રો માતાની સેવા ચાકરી નથી કરતા. હે ઈશ્વર! મુજ ગરીબ અનાથપર કૃપા દૃષ્ટિ કર અને મારા પુત્ર ભારત વર્ષને અવિદ્યારૂપ ઘોર નિદ્રામાંથી ઉઠાડ કે જેનાથી મારા પ્રાણ બચે અને તેમનું કલ્યાણ થાય

હે આર્યો હું અનુમાન કરૂં છું કે આ પ્રમાણેજ મને મારી ખાવામાં આવશે તો કાલક્રમે મારો સમુળ નાશ થશે. અને જયારે સમુળ નાશ થશે ત્યારે કેવો ભિષમ દુષ્કાળ પડશે તેનો વિચાર તમો લાંબી નજરે કરો. જુવો કે ઈશ્વર ઈચ્છા પ્રમાણે વરશાત વરસશે પણ અનાજ પાકશે નહીં તો શું ખાઈ જીવશો; કારણ કે આખા આર્યવર્ત (હિન્દુસ્થાન) નું જીવન ખેતીવાડી છે, અને તે ખેતીવાડી બળદો શીવાય થતી નથી, અને એ બળદો મારા શીવાય કોઇપણ જનુનીની કુખે ઉત્પન્ન થતા નથી. ત્યારે વિચાર કરો કે મારો સમૂલ નાશ થશે ત્યારે ખેતિ ક્યાંથી થશે, ને ખેતી કરવાનું સાધન નહી તો પછી પાકશે પણ શું? એટલે નક્કિ થયું કે છતે વરશાદે દુકાળ પડશે અને તે દુકાળ મટાડવાને ઉપાય તમારા હાથમાં નહી રહેશે એટલે ભુખના દુઃખથી કંટાળી–પીડાઈ તમારો વંશ વિચ્છેદ જશે. માટે હે આર્યપુત્રો જો તમે તમારૂંજ ભવિષ્યમાં કલ્યાણ ઇચ્છતા હોવ તો મારૂં રક્ષણ કરી મને બચાવો. મારા બચાવ વીનાં

તમારૂ ભલું થવાનુંજ નથી. જુવો મારા મરવાથી ઘીઈ તથા દુધ કેટલું મોઘું થઈ ગયું ?

વિચાર કરો કે આજ કાલ તમારા ઉપર કોલેરા, ક્ષય, રક્તપિત, વિર્યદોશ અને કલેજાનાં દરદો કેવા શખ્યત હુમલા કરે છે. અને આગળનાં કરતાં એ રોગો કેટલે દરજ્જે પોતાનું જોર અજમાવે છે; તેનું કારણ તમે એમ નહીં જાણુશો કે કંઈ બીજુ હશે; તેનું કારણ માત્ર મારો વધ (હત્યા) છે. જુવો કે તમારા શાસ્ત્રમાં લખ્યું છે કે

યજ્ઞથી શુદ્ધ વૃષ્ટી થાય—શુદ્ધ વૃષ્ટીથી શુદ્ધ વનસ્પતિ, ઔષધિ, અન્ન તથા ફળાદી પાકે અને તેથીજ મનુષ્યમાં બળ, બુદ્ધિ, પરાક્રમ અને આરોગ્યતા વધી માણસ દીર્ઘાયુ થાય. પણ શાસ્ત્રમાં કહેલા ઘણા પ્રકારના યજ્ઞમાંથી એક પણ પ્રકારનો હાલમા થતો નથી, અને થાય છે તેમાં હિંશા ! એટલે જે પ્રયોજને થવો જોઇએ તે પ્રયોજન સચવાતું નથી. જ્યારે રાતની મળમૂત્રથી બગડેલી હવાને શુદ્ધ કરવા પ્રાતઃસંધ્યા વૈશ્વ

દેવાદી કર્મો કરવા જરૂર છે અને દિવસની બગડેલી હવાને શુદ્ધ કરવા સાયંશંધ્યા હવન કરવો જોઈએ; તેમજ અન્ય કારણોથી બગડેલા પવન અને મેઘ મંડળને શુદ્ધ કરવા મોટા યજ્ઞો થવા જોઇએ ત્યારે હવા શુદ્ધ થઈ શુદ્ધ વૃષ્ટી થાય; ને ઉપર કહ્યા પ્રમાણે બળ, બુદ્ધિ, વિર્ય, વધી મહા ભયંકર રોગનાં મૂળ આ દેશમાંથી શમૂળ ઉખડી જાય. પણ ખરી વાત કે યજ્ઞ થાયજ શાનાં! કારણકે યજ્ઞનું આહુતી આપવાનુ મુખ્ય દ્રવ્ય જે ગાયનું ઘી તેતો આજે શોધ્યું પણ મળતુ નથી કોણ એવી હીમ્મત ચલાવી છાતી ઠોકિ જવાબ આપશે કે કોઈ શુભ કાર્યમાં મારૂં (ગાયનું) ઘીઈ પાંચ દશ મણ થોડા શમયમાં એકઠું કરી શકીશ; આ કાળમા દશ મણ ગાયનું ઘીઈ એકઠુ કરવાને કોઈજ શક્તિમાન નથી. તો ભાઈઓ વિચાર કરો કે હાલમાં આટલો અભાવ થયો છે તો આગળ જતાં દશ તોલા ઘીઈ કોઈ ઓષડમાં જોઇશે તે પણ મળવાનું નથી. અને અંતે તમારી કેવી દુરદશા થશે તે કેહેવાને મારી જીભમાં શક્તિ નથી. હે

મુસલમાન મહમદી ભાઈયો હે પારસી શેઠીયાઓ, હે અંગ્રેજ રાજ્યાધિકારી માહા પુરૂષો; આપે એમ નહીં વિચારવું કે ગાયનો બચાવ કરવાથી હમને શું લાભ છે? ગાયને ખાવાથી હમને શું નુકશાન છે.? પણ યાદ રાખો કે તમે સર્વે હવે આ દેશનાંજ રહેવાશી થયા છો, તમને આ દેશ વિનાં હવે જરા પણ ચાલે તેમ નથી, આ દેશ વીના તમારો કાર વ્યવહાર ચાલવો દુઃકર છે. અને આ દેશની દુરદશા સાથે આપની પણ દુરદશાજ સમજવી. કારણકે મુસલમાનોથી હવે અર્બસ્થાન–પારશીઓથી ઇરાન કે અંગરેજોથી યુરોપમાં જવાવાનું નથી. તમો લોકોને એવો ધાડો સંબંધ બંધાગો છે કે પ્રાણાંત્ત સુધિ આ દેશને છોડાશે નહી. ત્યારે જરા લાંબી નજરથી વિચાર કરોકે મારા નાશથી ઉપર પ્રમાણે ઘેરફાયદા થાય છે ને દેશ પાયમાલ થાય તો શું તમોને તેથી હાની નહીં થાય? નકી થાયજ. માટે હે વિચારશીળ મહાનુભવો! વિચાર કરો વિચાર કરો. અને તમારી યથા શક્તિ તનબળ મનબળ અને ધનબળથી મારૂ રક્ષણ કરી

મને બચાવો. જ્યાં સુધી મને બચાવશો નહીં ત્યાં સુધી તમે ગમે તેવા ઉમરાવની પદવી ભોગવશો પણ ભીતરનો શડો અંતે ભારતવર્ષરૂપ કલ્પ વૃક્ષનો સમૂલ નાશ કરશે અને પછી આપ લોકો પસ્તાશો. માટે ચાંપતા–તાકીદે ઉપાય લઈ જેમ બને તેમ મને બચાવો જેથી તમારૂ કલ્યાણ થાય. જુવો એક આંબાનાં ફળતાં ઝાડને કાપી બાળવાનાં કામમાં વાપરવાથી કેટલો ફાયદો થાય. અને તેને અમાનત રાખી તેનાં ફળ ખાવાથી કેટલો ફાયદો થાય? અરે જરા તો વિચાર કરો! કે જેટલાં ગુણ કલ્પવૃક્ષ માટે કહેલા છે તેમાંથી મારામાં કયા ન્યુન છે. કલ્પવૃક્ષની પેઠે મારાથીજ તમે વાંછીત ફળને પામો છો. મારાથીજ બધી લીલાલ્હેર છે, મારાથીજ સુખ વૈભવ છે, અને મારા વડેજ આખા દેશનું અરે મને કહેવા દો કે આખી પૃથ્વીનું પોશણ થાય છે. તો ભાઇઓ મારા જેવું કલ્પવૃક્ષ તમે કયાંથી લાવશો! જુવો મારા જેવી એક ગાયના મરવાથી કેટલું નુકશાન થાયછે અને શરાશરી આખા દેશમાં (હીંદુસ્થાન) માં દરવર્ષે એક લાખ ગાય

મરે છે તેનાં હીશાબનાં આંકડા તપાશી જુવો કે તમારા અંતઃકરણ ઉપર મિથ્યાભિમાન અને બે-દરકારનો પડદો પડેલો છે તે ઉઘડી જાય—છેલે મારી એજ પાર્થના છે કે હીંદુ, મુસલમાન, પારસી સા-હેબો એ મારો તનમન, ધનથી બચાવ કરવો અને પરમકૃપાળુ માહાંમાંતુશ્રી શ્રી વીકટોરીયા તથા ત-દાગ્નાનુંશાર વર્તતા રાજ્યકર્મચારી પુરૂષોએ પોતાના રાજ્ય બળથી મારો બચાવ જરૂર કરી મને મૃત્યુનાં ભયંકર દુઃખથી છોડાવી ભારત વર્ષને અવનતી કુપમાં પડતું બચાવશો. હવે જરા લક્ષ દઇ આપ લોકો નીચેના કોઠા ઉપર ધ્યાન પોચાડશો જેથી આપનાં લક્ષમાં સહજ આવશે કે દીન પ્રતિદીન ભારત વર્ષ કેટલા ખાડામાં પડતું જાય છે અને એ હીસાબે થોડા કાળમાં કેવી દુરદશા થશે તેનો વિચાર કરશો.

એક ગાયનાં નાશથી તેની પાંચ પેઢીના હીસાબે કેટલું નુકશાન થાયછે.

દુધના હીસાબ.

પેઢી.	ગાયની સંખ્યા	તેમનું માસિક દુધ રોજનું સરાસરી શેર ૫) લેખે.	તેમનું વાર્ષિક દુધ.	તેમની જીંદગીમાં દુધની– જીંદગીની સરાસરીવર્ષ૧૨ની	તે દુધની કીંમતને અડસટો મણ ૧ ના રૂ. ૨ા લેખે
		મણ.	મણ.	મણ.	રૂા.
૧	૧	૩ાા	૪૫	૫૪૦	૧૩૫૦
૨	૬	૨૨ા	૨૭૦	૩૨૪૦	૮૧૦૦
૩	૩૬	૧૩૫	૧૬૨૦	૧૯૪૪૦	૪૮૬૦૦
૪	૨૧૬	૮૧૦	૯૭૨૦	૧૧૬૬૪૦	૨૯૧૬૦૦
૫	૧૨૯૬	૪૮૬૦	૫૮૩૨૦	૬૯૯૮૪૦	૧૭૪૯૬૦૦
	૧૫૫૫	૫૮૩૧	૬૯૯૭૫	૮૩૯૭૦૦	રૂા. ૨૦૯૯૨૫૦ દુધની કીંમત.

એક ગાયના નાશથી તેની પાંચ પેઢીના હીસાબે કેટલું નુકશાન થાયછે.

અનાજનો હીસાબ.

પેઢી નં	પેઢીઘર બળદોની સંખ્યા.	તેમનાથી ઉત્પન્ન થતા બળદની જોડીની સંખ્યા.	તેમનાથી થતી અનાજની વાર્ષિક ઉત્પત્તિ જોડી ૧ ના મણ ૨૦૦ અંગાલી લેખે.
			મણ.
૧	૧	૩	૬૦૦
૨	૬	૧૮	૩૬૦૦
૩	૩૬	૧૦૮	૨૧૬૦૦
૪	૨૧૬	૬૪૮	૧૨૯૬૦૦
૫	૧૨૯૬	૩૮૮૮	૭૭૭૬૦૦
	૧૫૫૫	૪૬૬૫	૯૩૩૦૦૦

અનાજનો હીસાબ.

તેમની આખી જીંદગી માંજે અનાજ ઉત્પન્ન કરી આપે છે તેની તપસીલ. મેહેનતની જીંદગી ૧૦ વર્ષ.	ઉત્પન્નથતા અનાજની સામાન્ય કીંમતનો અડસટો મણ ૧ની રાશ રૂ.૨.
૬૦૦૦	૧૨૦૦૦
૩૬૦૦૦	૭૨૦૦૦
૨૧૬૦૦૦	૪૩૨૦૦૦
૧૨૯૬૦૦૦	૨૫૯૨૦૦૦
૭૭૭૬૦૦૦	૧૫૫૫૨૦૦૦
૯૩૩૦૦૦૦	૧૮૬૬૦૦૦૦ અનાજની કીંમત. ૨૦૯૯૨૫૦ દુધની કીંમત. [નુકસાંન. ૨૦૭૫૯૨૫૦ એકગાયનુપાંચ પેઢીનુ ૧૦૦૦૦૦ વરસ ૧ નીકપાતીગાયો રૂ.૨૦૭૫૯૨૫૦૦૦૦૦૦

૬૨ વરસ સરાસરી એક લાખ ગાય હિંદુસ્થાનમા કપાય છે તો ફકત એક વરસની ગાયો ખોવાથી તેની પાંચ પેહેડીના હીસાબે રૂ ૨૦૭૫૯૨૫૦૦૦૦૦૦) નું નુકશાન ખમવું પડેછે.

કુંડળીઓ.

હત્યાથી એ ફળ થયું ગયું બુદ્ધિ બળરાજ,
ધીર વીર કાયર થયા બગડયાં સઘળાં કાજ.
બગડયાં સઘળાં કાજ લાજ તોપણ નહીં આવી,
ધિક મિથ્યા અભિમાન ભાન ખોયું ભરમાવી.
ગયા ક્ષત્રીના રાજ્ય તન્નની દુર્બળતાથી,
રહ્યું ન કોઇનું માન થયું ફળ ગૌહત્યાથી— ૧

સવૈયા.

ભાન ગયું વળી માન ગયું અભિમાન ગયું ક્ષત્રી વટનુ,
બ્રહ્મ થયા બ્રહ્મત્વ ગયુ ગૌ-દાન ગયું ગંગા તટનું;
રક્ષક ગયા હિંસક રહ્યા બહુ જોર થયું લાકુ ભટનું,
રક્ષક રક્ષક રક્ષક રક્ષો કાર્ય કરોરે ઉલટનું-૨

કુંડલીયા છંદ.

પાંમી જન્મ મનુષ્યનો, નહીં પામ્યા શુભ જ્ઞાન;
જર જોરૂ કે જમીનમાં, ભુલી રહ્યા સઊ ભાન;
ભુલી રહ્યા સઊ ભાન, માન ગુમાવ્યું હાથે;
ત્રણુ જજજામાં એક, કદી નહીં આવે સાથે;
સમજી એવું સર્વ, સુધારો સઊકો ખામી;

કરજો પર ઉપકાર, જન્મ મનુષ્યનો પામી—૩
ખરેખરા સુત માહેરા, ઉપજાવે બહુ અન્ન;
તનબલ વાધે તેહથી, રહે ખુશી સહુ મન્ન;
રહે ખુશી સહુ મન્ન, કરે નીજ ધાર્યા કર્મો;
આનંદોચ્છવ કરે, અનુષ્ટાનાદી ધર્મો;
અર્થ સહુના સરે, તરે તે વંશ પરમ્પર;
જગ સુંખ કારણ એક, મહેરા સૂત ખરેખર—૪
ઉપકારી પય મુજ તણું, ઘણું ઘણું સુખકાર;
તેજ પુંજ કરી દુખ હરે, કરે શાંતી નીરધાર;
કરે શાંતિ નીરધાર, ધારજો દીલમાં શાણા;
બળ બુદ્ધિ બહુ વધે, રંક રાજા કે રાણા;
પય ઘૃતવિણ નહીં અન્ય, જગતમા કો સુખકારી,
કહો કહોરે હોય—કોય મુજ વિણ ઉપકારી—૫
શત્રુ સાથે જો લડો, રણમાં ધરીને રીશ;
એક ટેક ધરી અરીતણા, શોધે છેદો શીશ;
શીધ્રે છેદો શીશ, દીશ દાવાનળ દીશે.
મમતે મંડે સર્વ, ગર્વથી દંતજ પીશે;
તૃણ મુખ શત્રુ ગ્રહે, રીસ તજી કર દ્યો માથે,
થાય પરસ્પર સ્નેહ, નમ્યાથી શત્ર સાથે—૬

શત્રુ મુખમા તૃણ લીયે તરત તજો છો રીશ,
હાડ વૈર વીસ્મૃત થઈ, કર સ્થાપો તસ શીશ;
કર સ્થાપો તશ શીશ, વીશ વસા ગુજારો છો,
હું ખાઉં તૃણ નીત્ય કેમ અવિચાર ધરો છો;
દઉં છું ઘૃત નવનીત કષ્ટ આપત્તિ દુઃખમાં,
કરો દયા છું રંક અહર્નિશ તૃણ મુજ મુખમાં–૭

મનહર છંદ.

કરૂછું કલ્પાંત ધ્યાન ધરૂં છું હું પ્રભુ તણું,
ફરૂછું ફીકરમાં ઉગરૂં કોઇ રીતથી;
ભરૂંછું ચક્ષુએ આંશુ ડરૂં છું હું ઘાતકોથી,
મરૂં છું વગર મોતે ઠરૂં નહીં ચીતથી;
ઉચરૂં છું હાય મુંખ જરૂર જતાંજ જીવ,
કપરૂ છે કામ હામ નષ્ટ થાય નીત્યથી;
પોકારૂં છું હાય હાય થાય કષ્ટ જીવ જાય,
કશો ન ઉપાય દીશે પાળો કોઈ પ્રીતથી—૮
અરેરે બંધુઓ મારા પ્યારાઓ વિચાર કરો,
નષ્ટ થતાં મુજવંશ કષ્ટ તમ માથે છે;
મુજ પુત્ર ધોરી તેને સંકટમાં જોડી કરે,
હળે બળ જોરી ખેકાર રાશ હાથે છે;

અન્ન ઉપજાવે પાણી કુપમાંથી લાવે વલી,
રથમાં બેસાડી ગાડી દોડે બલ સાથે છે;
મુજ વંશ જાશે અન્ન વિનારે શું ખાશે સૌસુ-
કાશે રાગ રંગ ભરયાં તિવ્રશસ્ત્ર ભાથે છે—૯.

લલીત છંદ.

અરર માહરી કેવી થૈ ગતી,
મમસુ પુત્રની મંદ થૈ મતી;
વિણુ ધુને અરે પ્રાણુ જાયરે,
અ સહ્ય દુઃખ છે હાય હાયરે—૧૦.
ઘૃત દધિ અને દુધ આપવા,
તનથી રોગીનાં કષ્ટ કાપવા;
નિરમિ છે મને જક્ત માંયરે,
સુખ નહીં મળ્યું હાય હાયરે—૧૧.
અનુપકારી હું કોયને નથી,
ગુણ ધણા હવે શું કહું કથી;
બદલે ગુણને દુઃખ થાયરે,
નર કૃતઘ્નિઓ હાય હાયરે—૧૨.
પ્રભુ પરાત્પરા હે દયા ધનાં,
વિભુ વિચારશો કષ્ટ દાશનાં;

અબલ જાતને દે રૂડી ગતી,
વિકલ આર્યને પ્રેર શન્મતિ—૧૩.

આર્ય ધર્મ પુસ્તક પ્રશારક મંડલી.

આ મંડલીનો એવો હેતુ છે કે આપણા દેશમાં જેમ ખ્રિસ્તી લોકો ઓછી કિમ્મતે પોતાના ધર્મને પુષ્ટી આપનારાં મોટાં પુસ્તકો બહાર પાડી આપણા દેશી જનોમાં તેનો ભ્હોળો ફેલાવો કરે છે. જે વાંચવાથી કેટલાક આર્ય ભાઇઓ સ્વધર્મ ત્યાગી, તે ધર્મનુ ગૃહણ કરી, પોતે ફસાઇ બીજાને ફસાવવા પ્રયત્ન કરે છે. તેનું કારણ એજ છે કે પોતે પોતાના ધર્મનું જ્ઞાન નહીં મેળવેલું તેથીજ એમ બને છે. માટે આ મંડલી એવો હેતુ ધરાવે છે કે આર્ય ધર્માનું કુલ—દેશી—જતિ—તત્વજ્ઞાન—વગેરે બાબતોના યુક્તિ શિદ્ધ પુસ્તકો જેમ બને તેમ ઓછી કિમ્મતે પ્રગટ કરવાં. જેથી સમસ્ત ગુજરાતિ ભાઇઓને દેશના હાની લાભનું ભાન થાય. એ વિચારનું આ પુસ્તક જાણે મંગલાચરણ છે. જે વિદ્વ જનોમાં માનનીય ગણાશે.

નીયમો.

૧ આ સભામાં સભાની સમ્મતિથી એક વર્ષને માટે બે અધિકારી નીમવા તેમાં એક પ્રધાન અને એક મંત્રી, બીજે વર્ષે સર્વાનુ મતે જે નીમાય તે કાર્ય કરે.

(ક) મંત્રીએ પુસ્તકો છપાવવાં, વેચવા, હીશાબ રાખવો, વગેરે વ્યવસ્થા કરી સર્વ કામ ઉપર પ્રધાનની સહી લેવી.

(ખ) પ્રધાને મંત્રીના કરેલા દરેક કામની તપાસ રાખવી પોતાની સહી આપવી અને દર વર્ષે રીપોર્ટ બહાર પડાવવો.

૨ આ સભામાં દરેક ગ્રહસ્થસભાસદ થઇશકશે.

૩ દરેક સભાસદને પ્રથમ નામ દાખલ કરવાને ચાર આના અને તે પછી દર માસે બે બે આના આપવા પડશે.

૪ પુસ્તકો છપાવવા માટે સભાની સમ્મતિ લેવી—વધુ મતે વર્તવુ જો સભાની સમ્મતી શીવાય જે કાર્ય કરે તેના જોખમદાર સભા નથી.

૫ આ મંડલીના સભાશદો તથા ઈતર નાણા સંબંધી મદત કરનારને સભા તરફથી પ્રગ

ટ થતાં દરેક પુસ્તકોની એક એક નકલ ભેટ મળશે.

૬ છાકટા તથા બદ ચાલનાં માણસને સભા એકદમ મંડલી સાથેનો સંબંધ છોડાવશે અને તેનું લીસ્ટમાંથી નામ છેકી નાખશે.

૭ એકી વખતે રૂ. ૨૫) આપનાર ગ્રહસ્થને પછી લવાજમ આપવું નહીં પડે. અને જીંદગી સુધીના સભાસદ ગણાશે.

૮ આ નીયમોમાં ઘટતો ફેરફાર જનરલ સભા કોઇપણ વખતે કરી શકશે.

સહી **નાથાભાઇ ભાણાભાઇ—મંત્રી.**

સુચના.

મંડલી સાથે પત્રવ્યવહાર કરનારે, નાથાભાઈ ભાણાભાઇ મંત્રી આર્ય ધર્મ પુસ્તક પ્રસારક મંડળી. ધીયા શેરીને ટેકરે સુરત. એ નામથી કરવો.
